MUMBAISAMACHAR
ગુરુવાર, તા. ૧૨-૭-૨૦૧૮
મુંબઈ સમાચાર

# મણિપુરમાં ભેખડ ધસી પડતાં ૯નાં મોત

*ઇમ્ફાલ:* ઈશાન ભારતના મણિપુર ખાતે સાંબેલાધાર વર્ષાને લીધે તામેન્ગલોન્ગ નગરમાં ત્રણ સ્થળે ભેખડ ધસી પડવાથી પાંચ સગીર સહિત નવ વ્યક્તિનાં મોત નીપજ્યાં હતાં તેમ જ અન્ય સાત જણને ઈજા થઈ હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અત્રેથી ૧૫૦ કિલોમીટરના અંતરે આવેલું તામેન્ગલોન્ગ ગામ આસામની સરહદને અડોઅડ છે. ભેખડ ધસી પડવાથી માર્યા ગયેલા અન્ય બે બાળકને હજી શોધવાના બાકી છે, એમ મુખ્ય પ્રધાન એન. બીરેનસિંહે જણાવ્યું હતું. સાત ઈજાગ્રસ્તને જિલ્લા હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. જિલ્લા નાયબ કમિશનર રબીન્દર સિંહે પત્રકારોને કહ્યું કે નવમાંથી સાત મૃતદેહ મળી આવ્યા છે. સુરક્ષાકર્મીઓ તથા સ્થાનિક લોકો રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ભેખડ ધસી પડવાને લીધે મૃત્યુ પામેલા લોકો માટે મુખ્ય પ્રધાને પાંચ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી છે. (પીટીઆઇ) ■

# દિલ્હીમાં આઈએસનું ત્રાસવાદી કાવતરું નિષ્ફળ બનાવાયું

*નવી દિલ્હી:* ઇસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સિરિયા (આઈએસઆઈએસ)એ ભારતની રાજધાનીમાં આતંકવાદી હુમલા કરવા ઘડેલી યોજનાને સુરક્ષા એજન્સીઓએ નિષ્ફળ બનાવી હતી. ત્રાસવાદી જૂથ આઈએસઆઈએસના મોડ્યૂલમાં ઘૂસીને આ હુમલો નિષ્ફળ બનાવ્યો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અફઘાની ફિદાઈન બૉમ્બરની ધરપકડ બાદ આઈએસઆઈએસનું આતંકવાદી હુમલાનું ષડયંત્ર નિષ્ફળ બનાવવામાં આવ્યું હતું. ૨૦૧૭ના અંત ભાગથી તેઓ ભારતીય ગુપ્તચર વિભાગની બાજ નજર હેઠળ હતા. રાજધાનીના લાજપત નગરમાં આઈએસના ઓપરેટીવના ઊતારાની વ્યવસ્થા પણ કરાઈ હતી. અફઘાન આઈએસ ઓપરેટીવે દિલ્હીના સીમાડે આવેલી એક ઈજનેરી કોલેજમાં પોતાનું નામ લખાવ્યું હતું. ધરપકડ બાદ તેને અફઘાનિસ્તાન લઈ જવાયો હતો.

તેણે અફઘાનિસ્તાન તાલિબાનની સામેની લડાઈમાં અમેરિકાના લશ્કરને મદદ કરી હતી, એમ આ અધિકારીએ જણાવ્યું હતું. પાકિસ્તાનમાં તાલીમ લીધા બાદ વિશ્વના વિવિધ હિસ્સાઓમાં ૧૨ આઈએસ ઓપરેટીવના જૂથને મોકલવામાં આવ્યા હતા. (પીટીઆઇ) ■

## પહેલા પાનાનું ચાલુ

### તાજ

અદાલત તાજમહલ અને તેની આસપાસના વિસ્તારની જાળવણીના કાર્ય પર નજર રાખી રહી છે.

મોગલ બાદશાહ શાહ જહાં દ્વારા પોતાની પત્ની મુમતાઝ મહલની યાદમાં આગરામાં તાજમહલ બંધાવાયો હતો. તેનું બાંધકામ ૧૬૪૩માં પૂરું થયું હતું, પરંતુ અન્ય તબક્કાનું કામ દસ વર્ષ ચાલ્યું હતું.

સફેદ આરસના તાજમહલને યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઑર્ગેનાઇઝેશન (યુનેસ્કૉ) દ્વારા વૈશ્વિક વારસો જાહેર કરાયો હતો. બૅન્ચે સુનાવણી વખતે તાજમહલ અને પેરિસના એફિલ ટાવરની સરખામણી કરતા જણાવ્યું હતું કે એફિલ ટાવરની સરખામણીમાં તાજમહલ કદાચ વધુ સુંદર ગણાય, પરંતુ ભારત તેની જાળવણીમાં દાખવાતી બેદરકારીને કારણે પર્યટકો અને વિદેશી હૂંડિયામણ ગુમાવી રહ્યું છે.

સરકારના એક વકીલે જણાવ્યું હતુંકે સરકાર તાજમહલની જાળવણી માટેની યોજના તૈયાર કરી રહી છે.

બૅન્ચે આ વકીલને સવાલ કર્યો હતો કે આ યોજના શું તાજમહલ તોડી નખાશે તે પછી તૈયાર થશે?

તેણે જણાવ્યું હતું કે તાજમહલનું રક્ષણ થવું જ જોઇએ અને નહિતર ભારત સરકારે તેને તોડી નાખવાનો નિર્ણય લેવો જોઇએ. (પીટીઆઇ)■

### કોર્ટ

દેશને કેટલું નુકશાન થયું, એ વાતનો તમને ખ્યાલ છે?

તાજમહલ અને આગ્રા જોવા આવતા પ્રવાસીઓ પાસેથી કેટલા નાણાં કમાયાનો સવાલ પણ એમણે પૂછ્યો હતો. પર્યાવરણવીદ એમ. સી. મહેતાએ તાજમહલની જાળવણી અને સુરક્ષા તથા આગરાને હેરિટેજ સિટીનો દરજ્જો આપવા માટે કરેલી અરજીની સુનાવણી વખતે કોર્ટે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી હતી. (પીટીઆઇ)■

### ગુજરાતની શાળા

કરવામાં આવશે. તેમ જ જરૂરી અને બિનજરૂરી ફી અંગે રાજ્ય સરકાર જણાવશે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે શાળાઓને કહ્યું કે, ઘોડેસવારી અને સ્વિમિંગની ફી પણ જરૂરી ન હોય શકે. તેમ જ ટ્રાન્સપોર્ટની ફી પણ અનિવાર્ય ન હોય શકે. જ્યારે ઈતર પ્રવૃત્તિનું ફી લિસ્ટ સરકાર આપશે. ઈતર ફી અંગે દબાણ કરી શકાય નહીં. આ મામલે સુપ્રીમ કોર્ટ એક મહિના બાદ વધુ સુનાવણી હાથ ધરશે. ■

### સરકાર

જણાવ્યું હતું કે અમે ભારતીય દંડસંહિતાની કલમ ૩૭૭ની યોગ્યતા અંગે નિર્ણય લેવાનું કામ અદાલત(ના ન્યાયાધીશોની) વિદ્વતા પર છોડીએ છીએ.

પાંચ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચમાં મુખ્ય ન્યાયમૂર્તિ દીપક મિશ્રા ઉપરાંત ન્યાયમૂર્તિ આર. એફ. નરીમાન, ન્યાયમૂર્તિ એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચુડ અને ન્યાયમૂર્તિ ઈંદુ મલ્હોત્રા છે.

દરમિયાન, બૅન્ચે જણાવ્યું હતું કે અમે હાલમાં આ બધા પાસાં અંગે નિર્ણય નથી લેવાના. (પીટીઆઇ)■

### વ્યભિચાર

૪૯૭ ૧૫૮ વર્ષ જૂની છે અને તેમાં વ્યભિચારમાં માત્ર પુરુષને ગુનેગાર ઠેરવીને તેને પાંચ વર્ષ સુધીની જેલ કે દંડ અથવા બન્ને કરવાની જોગવાઇ છે. વ્યભિચારના આવા કિસ્સામાં મહિલા (પત્ની) ગુનેગાર નથી ગણાતી.

સર્વોચ્ચ અદાલતે વ્યભિચારના કાયદાની બંધારણીય યોગ્યતાને પડકારતી જાહેર હિતની અરજીનો ઉલ્લેખ કર્યો હતો.

ઇટલીમાં રહેતા મૂળ ભારતીય જોસેફ શાઇને જાહેર હિતની અરજીમાં જણાવ્યું હતું કે વ્યભિચારના ગુનામાં મહિલાને નહિ પણ માત્ર પુરુષને સજા કરવામાં આવે છે અને તેથી વ્યભિચારના ગુનામાં મહિલાને સાગરીત ગણવામાં પણ ભેદભાવ રખાયો ગણાય. (પીટીઆઇ)■

### દ. ગુજરાત મેઘતાંડવ

યુવકો ખાડીના પૂરમાં તણાઈ ગયા હતા. જેમાં એક યુવકનું મોત નીપજ્યું છે. જ્યારે એકનો બચાવ થયો હતો. મુંબઇ અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડતાં હવે ગુજરાતનાં અન્ય વિસ્તારોમાં વરસાદ પડે તેવી લોકો આતુરતાથી રાહ જોઇ રહ્યાં છે. દરમિયાન હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતમાં પાંચ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ વરસાદ સુરત જિલ્લાના બારડોલીમાં છેલ્લા ૧૪ કલાકમાં ૧૦.૫ ઇંચ વરસાદ નોંધાયો છે. જેથી નદીઓના લેવલ ઊંચા આવી ગયા છે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. બારડોલી નગરમાં પણ વરસાદના કારણે સોસાયટીના રસ્તાઓ પાણીથી તરબોળ થઇ ગયા હતાં. જ્યારે બારડોલીના હિદાયત નગરથી પસાર થતી કોયલી ખાડીમાં પૂરની સ્થિતિ ઊભી થઇ છે. જેની સીધી અસર ખાડીને અડીને આવેલી ઇસ્લામપુરાના રહેણાંક વિસ્તારોમાં જોવા મળી હતી. અહીં આવેલ એક મકાનમાં પાણીનો ભરાવો થતા બે યુવક ખાડીમાં પડી જતા એક યુવાનનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. નવસારી જિલ્લામાં નવસારી અને જલાલપોરમાં સૌથી વધુ ૮ ઇંચ વરસાદ ખાબક્યો છે. જેથી નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. જ્યારે રેલવે સ્ટેશન નજીક આવેલું ગરનાળું ભરાઇ જતા બંધ કરી દેવામાં આવ્યું છે.

દરમિયાન સુરત જિલ્લામાં રાતના ૧૨ વાગ્યાથી બુધવારે બપોરના બે વાગ્યા સુધીમાં બારડોલી-૨૩૪, ચોર્યાસી- ૧૧૬, કામરેજ-૩૯, મહુવા-૨૨૯, માંડવી-૯૦, માંગરોળ-૫૪, ઓલપાડ-૩૪, પલસાણા-૮૮ અને સુરતમાં ૩૩ મિ.મી. વરસાદ પડયો હતો. જ્યારે વલસાડ જિલ્લાના ઉમરપાડા-૧૧, વલસાડ-૮૭, પારડી-૯૮, વાપી-૧૦૮, ઉમરગામ-૩૩, ધરમપુર-૧૪૮, કપરાડા-૧૧ મિ.મી. તેમ જ નવસારી જિલ્લામાં નવસારી-૨૦૦, જલાલપોર-૧૭૫, ગણદેવી-૧૧૬, ચીખલી-૧૫૬, વાંસદા-૮૬ અને ખેરગામ-૧૨૩ મિ.મી. જેટલો ભારે વરસાદ વરસ્યો હતો.

દરમિયાન બુધવારે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાકમાં ૪૬ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસાવ્યો હતો. જેમાં સુરત જિલ્લાના મહુવા તાલુકામાં ૧૭૬ મિ.મી., નવસારી જિલ્લાના નવસારી તાલુકામાં ૧૭૮ મિ.મી., જલાલપોરમાં ૧૬૯ મિ.મી. મળી કુલ ત્રણ તાલુકાઓમાં સાત ઇંચ, હાલોલ તાલુકામાં ૧૨૩ મિ.મી., વાલોડ તાલુકામાં ૧૪૨ મિ.મી. અને વલસાડ તાલુકામાં ૧૨૬ મિ.મી. મળી કુલ ત્રણ તાલુકાઓમાં પાંચ ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હતો. ■

### થાઇ છોકરા

આરોગ્ય મંત્રાલયના મહાનિર્દેશક થોન્ગચાઈએ ૧૧મી જુલાઈએ પત્રકારોને જણાવ્યું હતું. જોકે હવે તેઓ તાણમુક્ત છે. અંધકાર, સાંકડો વિસ્તાર તેમ જ પ્રતિકૂળ વાતાવરણ વચ્ચે આ છોકરાઓ અને તેમના ફૂટબોલ કોચ એક સપ્તાહ કરતાં વધારે સમય ટકી રહ્યા હતા. ભૂખ અને ભય વચ્ચે જીવ પડીકે બંધાયો હતો કે કદાચ જીવી શકાશે કે નહીં? સાંકડી ટનલમાં લાંબી અને પૂરના પાણીમાં ડૂબેલી ટનલમાં ભારે જોખમો વચ્ચે તેમને બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે અત્યાર સુધી આરોગ્ય અંગે હકારાત્મક અને વિધેયક મૂલ્યાંકન થયું હોવા છતાં પણ નિષ્ણાતોએ કહ્યું હતું કે માનસિક રીતે સારા સંકેત સાંપડે તે માટે તેમના પર માનસશાસ્ત્રીઓએ નિકટથી ઝીણવટભરી નિગરાની રાખી હતી. ઓક્સફર્ડ સેન્ટર ફોર એનઝાઈટી એન્ડ ટ્રૉમા ખાતે ક્લિનિકલ સાયકોલોજિસ્ટ જેનીફર વાઈલ્ડે કહ્યું હતું કે હજી આ લોકોની સફરનો અંત આવ્યો નથી. તેમને રહી રહીને આ બાબતની યાદ આવે કે કોઈ સંજોગોમાં બીક લાગે તેવું બની શકે છે, એમ વાઈલ્ડે વાયા ધ એક્સપર્ટ ડેટાબેઝ સાયન્સ મિડિયા સેન્ટરે જણાવ્યું હતું. (એએફપી) ■

### એસસી-એસટી

આ મામલે સાત ન્યાયાધીશની બનેલી બંધારણીય ખંડપીઠ સમક્ષ તાકીદે સુનાવણી કરવાની જરૂર છે કારણ કે, જુદી જુદી અદાલતી ચુકાદાઓને લીધે રેલવે અને સરકારી વિભાગોમાં લાખ્ખો નોકરીઓ અટવાઈ ગઈ છે. ખંડપીઠે જણાવ્યું હતું કે બંધારણીય ખંડપીઠ સમક્ષ જુદા જુદા મુદ્દા છે. આ મુદ્દે ઑગસ્ટના પહેલા અઠવાડિયામાં સુનાવણી હાથ ધરી શકાય.

ગયા વર્ષે ૧૫ નવેમ્બરે સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે પાંચ ન્યાયાધીશની બનેલી બંધારણીય ખંડપીઠ દ્વારા ૨૦૦૬માં એમ નાગરાજે આપેલા ચુકાદા પર ફેરવિચારણા કરવી કે નહીં તેની ચકાસણી કરવામાં આવશે. (પીટીઆઈ)■

## પારસી મરણ

રોશની બરજોર પાવરી તે બરજોર ફરામરોજ પાવરીના ધણીયાણી, તે મરહુમો બાનુબઈ તથા જીજીભઈ દા શરોફના દીકરી તે ફ્રેની મીનુ દારૂવાલા, મેહરૂ બેહરામ કાસદ અદી ને મહેતાના બહેન, તે તનાઝ, આશિષ ને આઝમીન કાસદના માસી, તે મરહુમો માનેકબઈ તથા ફરામરોઝ પાવરીના વહુ (ઉં. વ. ૭૦). ર.ઠે.: ૯૫, રઝીયા મેનોર, પહેલે માળે, આલમીડા પાર્ક રોડ, આલમીડા પાર્ક સામે, બાન્દ્રા (વે), મું. ૫૦. ઉઠમણાંની ક્રિયા ૧૩-૭-૧૮ બપોરે ૩-૪૦ પી.એમ. વાડિયા બંગલીમાં છે.

હીરાજી ઉકડજી વરીઆવા તે મરહુમ દોલત હીરાજી વરીઆવાના ખાવિંદ, તે એમી નોઝર મુકાદમ તથા યાસ્મીન તેસ્તર મુકાદમના પપ્પાજી, તે મરહુમો શીરીનબઈ તથા ઉકડજી હોરમસજી વરીઆવાના દીકરા, તે મરહુમો શીરીનબઈ તથા નવરોઝજી દારબશા વરીઆવાના જમાઈ, તે નોઝર ફિરોઝ મુકાદમ તથા તેસ્તર ફિરોઝ મુકાદમના સસરાજી (ઉં. વ. ૮૭). ઠે.: નીલકમલ, ફ્લેટ નં. ૯, ૨જે માળે, ૭/૭એ, પ્રોકટર રોડ, ગ્રાન્ટ રોડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા ૧૨-૭-૧૮ને દિને બપોરે ૩-૪૦ વાગે મઝગાંવ પટેલ અગીયારી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સરવેડી (સાનોસરા) હાલ મલાડ અમૃતલાલ ભાઈચંદ શાહ (લખાણી)ના પુત્ર વિનોદરાય (ઉં. વ. ૭૨) તે સ્વ. રેખાબેનના પતિ. કાંતિલાલ, સ્વ. વિમળાબેન ધીરજલાલ વારૈયા (જેસર)ના નાના ભાઈ. જિગર, રૂચી તથા રિદ્ધિના પિતા. શ્વસુર પક્ષે મહુવા નિવાસી પ્રવિણચંદ્ર ચુનીલાલ મહેતાના જમાઈ તા. ૭-૭-૧૮ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ૪૦૪, શુભ એપાર્ટમેન્ટ, કુરાર વિલેજ, ઝમઝમ બેકરીની સામે, મલાડ (પૂર્વ).

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

રાજકોટ (ચરેલ) હાલ ઘાટકોપર સ્વ. લાભકુંવર સવચંદભાઈ બાવીશીના પુત્ર ચંપકલાલના ધર્મપત્ની અ.સૌ. જ્યોત્સનાબેન (ઉં. વ. ૭૦) તા. ૧૦-૭-૧૮ મંગળવારના અરિહંતશરણ પામ્યા છે. તે અલ્કાબેન વસા, હેમાલીબેન પંચાલ તથા જીજ્ઞેશભાઈના માતુશ્રી. વિપુલભાઈ, પરેશભાઈ તથા સંગીતાબેનના સાસુ. આદિત્ય શિવાનીના દાદી. સ્વ. અમૃતલાલ, કિશોરભાઈ, રમેશભાઈ, સ્વ. અનિલભાઈ, અનીલાબેન, નિર્મળાબેનના ભાભી. પિયર પક્ષે સ્વ. ભાનુબેન શરતચંદ્ર કોઠારીના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૧૪-૭-૧૮ શનિવારે પારસધામ, ઘાટકોપર (ઈસ્ટ) બપોરે ૩-૩૦ થી ૫ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાડાઉના જવેરબેન બાબુભાઈ (આણંદજી) ગાલા (ઉં. વ. ૭૭) અવસાન પામેલ છે. બાબુભાઈ મઠુના પત્ની. લાછબાઈ મઠુ સોજપારના પુત્રવધૂ. નરેશ, પ્રીતીના માતાજી. બારોઈ જેઠીબેન કાનજી વેરશી ગોગરીના પુત્રી. બારોઈ કસ્તુરબેન ખીમજી નંદુ, ભવાનજી, ચંચળ લક્ષ્મીચંદ, લાખાપરના રૂકમણી ગાંગજી શેઠીયાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રીતી ભૂપેશ કેનિયા, ૮૦૩, વૈભવ, દત્તપાડા ક્રોસ રોડ નં. ૨, વેલકમ હોટલ બાજુમાં, બોરીવલી (ઈ).

લાકડીયાના શાંતાબેન ગડા (ઉં. વ. ૭૦) અવસાન પામેલ છે. ગડા સ્વ. રતનબેન બચુભાઈ જીવરાજના પુત્રવધૂ. કેશવજી (બાબુભાઈ)ના પત્ની. રશ્મિકાંત, રેખા, સંધ્યાના માતુશ્રી. સ્વ. ભચીબેન હીરજી ગાંગજી શાહના પુત્રી. બાબુલાલ, ખીમજી, સ્વ. કુ. દિવાળી, સ્વ. ડાઈ, સ્વ. વેજી, સ્વ. ચાંપુના બેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામું: કેશવજી બચુભાઈ ગડા, એ-૧/૨ તેહમી ટેરેસ, બી.એ. રોડ, દાદર (ઈ.). (ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે.)

ભોરારા હાલે પુનાના કાંતિલાલ પ્રેમજી દેઢીયા (ઉં. વ. ૬૪) ૭-૭-૧૮ના અવસાન પામેલ છે. તરલાબેનના પતિ. માતુશ્રી ઝવેરબેન પ્રેમજીના પુત્ર. કીંજલના પિતાશ્રી. વસંત, ભરત, પ્રફુલ્લ, પુષ્પાના ભાઈ. માતુશ્રી સાકરબેન દામજીભાઈ શેઠીયાના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઠે: તરલાબેન દેઢિયા, એલ-૪, અંકુર પાર્ક-૧, મહર્ષી નગર, પુના-૪૧૧૦૩૭.

નવીનાળના માતુશ્રી જવેરબેન લાલજી તેજશી વોરાના જમાઈ. મુંબઈના રાજુ મુરલીધર આણેકર (ઉં. વ. ૫૪) ૯-૭-૧૮ના અવસાન પામેલ છે. જ્યોતિના પતિ. ભક્તિ, શ્રુતી (સલોની)ના પપ્પા. પ્રાર્થના રાખવામાં આવેલ નથી. ઠે. લાલજી તેજશી વોરા, ૨/૨૫, આરસીવાલા બિલ્ડીંગ, ડૉ. આંબેડકર રોડ, લાલબાગ, મુંબઈ-૧૨.

મોથારાના શાંતાબેન સાવલા (ઉં. વ. ૬૮) અવસાન પામેલ છે. માતુશ્રી જેઠીબાઈ પાલણ રણશીના પુત્રવધૂ. ભવાનજીના ધર્મપત્ની. અલ્પા, મનીષ, સ્વ. ભરતના માતુશ્રી. રાયધણજરના વિજય. ભાવેશના માતાતુલ્ય. દેવપુરના જેતબાઈ શીવજી તલકશીના પુત્રી. પ્રાર્થના: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) સ. ૨ થી ૩.૩૦.

દેવપુરના નરશી ગાંગજી હરીઆ (ઉં. વ. ૭૨) ૯-૭-૧૮ના અવસાન પામેલ છે. જેતબાઈ ગાંગજીના પુત્ર. ચંદનબેનના પતિ. રાજુલના પિતા. નાનજી, હીરજી, હેમરાજ, સુંદરજી, માવજી, દેવકાબેન, વાલબાઈના ભાઈ. કુંવરબાઈ લીલાધરના જમાઈ. પ્રા.: માટુંગા ક. મુ. શ્વે. જૈન સંઘની શ્રી નારાણજી શામજી વાડી, ૧લે માળે, માટુંગા તા. ૪ થી ૫.૩૦. નેત્રદાન-ત્વચાદાન કરેલ છે.

વાંકીના તલકશી કાનજી સાવલા (ઉં. વ. ૭૮) તા. ૧૦-૭-૧૮ના અવસાન પામેલ છે. કુંવરબેન કાનજી રામજીના પુત્ર. હેમલતાના પતિ. પિયુષ, સંજય, રાજુલના પિતા. ડૉ. ગિરીશ, વનિતા, જવેર, હસમુખના ભાઈ. લાખાપરના ગંગાબેન ચાંપશી વરજાંગના જમાઈ. પ્રા. અનમોલ પ્રાઈડ, પી-૨, ગોવિંદજી શ્રોફ માર્ગ, પટેલ ઓટોની સામે, ઓફ. એસ. વી. રોડ, ગોરેગામ (વે). ટા. ૩ થી ૪.૩૦.

છસરાના અ. સૌ. દમયંતી (દિના) જયંતિલાલ ગંગર (ઉં. વ. ૬૬) ૯-૭-૧૮ના અવસાન પામ્યા છે. જયંતિલાલ શામજીના ધર્મપત્ની. મઠાંબાઈ/ ગંગાબાઈ શામજી વજપારના પુત્રવધૂ. પારૂલ, સ્વ. રૂપલ, તન્વી, મયુરના માતુશ્રી. વાંકી માતુશ્રી ગોમીબાઈ રામજી ભુલા છેડાના પુત્રી. મુલચંદ, વિનોદ, સ્વ. ભરત, ઝવેરબેન, લક્ષ્મીચંદ, છસરા નિર્મળા શાંતિલાલ, પત્રી મણીબેન લક્ષ્મીચંદ, ભુજપુર સુશીલા મનસુખના બેન. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સંઘ: કરસન લધુભાઈ નીસર હોલ, દાદર. ટા. ૪ થી ૫-૩૦.

**પોરબંદર દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પોરબંદરના હાલ પૂના સ્વ. છોટાલાલ સુંદરજી માલિયાના ધર્મપત્ની શ્રીમતી નિર્મળાબેન (નરભાબેન) (ઉં. વ. ૯૪) મંગળવાર, ૧૦-૭-૧૮ પૂનામાં અરિહંતશરણ પામેલ છે. તે ઈલા, પિયુષના માતુશ્રી. નયનાબેન તથા મહેન્દ્રભાઈ શાહના સાસુ. સ્વ. કાંતિભાઈ, સ્વ. વ્રજલાલભાઈ, સ્વ. વિનોદભાઈ, સ્વ. નીલમબેન તથા તનસુખભાઈના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલારી વિશા ઓશવાળ સમાજ જૈન**

ગામ નાના માંઢા હાલ થાણા સ્વ. હિરુબેન, ગં. સ્વ. મોતીબેન વેલજી, કંચનબેન સોમચંદના પુત્ર અશોક વેલજી ગુઢકા (ઉં.વ. ૫૮) તા. ૧૦-૭-૧૮ના અવસાન પામેલ છે. રાહુલ, મેહુલ, હિરલ વિરલના પિતાશ્રી. પ્રવિણ, મહેન્દ્ર, નિલેષ વેલજી, લક્ષ્મીબેન મનસુખ, રસિલાબેન અશોકના ભાઈ. ગામ કાનાલુસના સ્વ. પ્રેમચંદ વેલજી પેથડ, વિનોદ, બેના રમેશ, જયશ્રી નિપુલ, મધુ અરવિંદના જમાઈ. ગામ ગોઇંજના મેરગ કારાના દોહિત્ર. સાદડી તા. ૧૨-૭-૧૮ ને ગુરુવારના ૩.૩૦ થી ૫ ઓશવાળ સાગર, ભિવંડી મહાજન વાડીમાં રાખેલ છે.

**કાળધર્મ**

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

**પ. પૂ. કિરણમુનિ મહારાજ સાહેબ**

બિદડા ખાતે પ. પૂ. દિનેશચંદ્રજી મ.સા.ની પાવન નિશ્રામાં નવ- નવ વરસથી પોતાની સંયમ જીવન યાત્રા નિર્વિઘ્ને આગળ ધપાવનાર (વડોદરા) 'પાછિયાપરા'ના પ. પૂ. કિરણમુનિ મ.સા. (ઉં. વ. ૬૧, દિક્ષા પર્યાય ૨૯ વર્ષ) બુધવાર, ૧૧-૭-૧૮ના વહેલી સવારે ૩વાગે પંચપરમેષ્ઠિનું સ્મરણ કરતા શાતાપૂર્વક કાળધર્મ પામ્યા છે. પૂ. શ્રીની પાલખીયાત્રા બપોરે ૪ વાગે માનવ મંદિર બિદડાથી નીકળી હતી.

## હિન્દુ મરણ

**કપોળ**

રાજુલાવાળા હાલ મુલુંડ ગં.સ્વ. મૃદુલા કાંતિલાલ સંઘવીના પુત્ર. રાજેશના ધર્મપત્ની રમીલા (ઉં. વ. ૫૨) તે નીતિન, કિશોર, શૈલેષના ભાભી. જોસના, પ્રિતી, સોનલના દેરાણી, વલ્લભભાઈ ભીખાભાઈ પટેલની પુત્રી તા. ૯-૭-૧૮ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૨-૭-૧૮ ગુરુવારના સાંજે ૪ થી ૬માં ગોપુરમ એ/સી હોલ, રાજેન્દ્રપ્રસાદ રોડ, જ્ઞાનસરિતા સ્કુલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાર**

મુળ ગામ તેરા હાલે ઘાટકોપર અમૃતલાલ (ઉં. વ. ૬૯) તે સ્વ. માનુબેન તથા સ્વ. વિઠ્ઠલદાસ વિસનજી પરમારના જયેષ્ઠ પુત્ર, વિજ્યાબેનના પતિ. કેતન અને સોનલના પિતા. કિશનભાઈ અને દિનેશભાઈના મોટા ભાઈ. સ્વ. કેસરબેન તથા સ્વ. ચતુરદાસ વશરામભાઈ પઢારીયા (સુરેન્દ્રનગર)ના જમાઈ રવિવાર તા. ૮-૭-૧૮ના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૨-૭-૧૮ના સાંજે ૫ થી ૬. શ્રી કચ્છી લોહાર વાડી, ૧૫, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા, મું-૧૯. (લૌકિક વ્યવહાર બંધ છે)

**વરીયા પ્રજાપતિ કુંભાર**

મૂળ ગામ વડાલીયા સિંહણ, હાલ ઘાટકોપર સ્વ. ભાનુબેન લક્ષ્મણભાઈ નડીયાપરા (ઉં. વ. ૭૪) રવિવાર તા. ૮-૭-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. લક્ષ્મણભાઈના ધર્મપત્ની તથા કિશોરભાઈ, સ્વ. વિજ્યાબેન, દક્ષાબેન, ચંદ્રિકાબેનના માતુશ્રી. જયશ્રીબેન, મનસુખભાઈ, ભરતભાઈના સાસુમા. જાનવી, યશના દાદીમા. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૨-૭-૧૮ના ૪ થી ૫-૩૦. સ્થળ: સ્વામીનારાયણ મંદિર, મહારાજા અગ્રસેન ભવન, ગારોડિયાનગર, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (પૂર્વ).

**કચ્છી લોહાર**

મૂળ ગામ અંજાર હાલે મુલુંડ પ્રતિમાબેન લીલાધર સિધ્ધપુરા (ઉં. વ. ૬૧) તે સ્વ. ઝવેરબેન લીલાધર સિધ્ધપુરાના પુત્રી. રમેશભાઈ, ઉર્મિલાબેન ત્રિકમજી ઉમરાણીયા, દિલીપભાઈ અને હિતેનભાઈના બહેન મંગળવાર તા. ૧૦-૭-૧૮ના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૨-૭-૧૮ના બપોરે ૩-૩૦ થી ૪-૩૦. સ્થળ: ફ્લેમિંગો બેન્કવેટ હોલ, ૨જે માળે, શ્રી કચ્છી લોહાર વાડીની ઉપર, ૧૫, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (ઈ).

**કચ્છ વાગડ લેવા પાટીદાર**

ગામ શીકરા હાલે ઘાટકોપર સ્વ. રતનશી તેજા પટેલ (ચાંબરીયા)ના પુત્ર નારાયણ (ઉં. વ. ૭૮) સોમવાર તા. ૯-૭-૧૮ના અરિહંતશરણ પામેલ છે. તે હીરાબેનના પતિ. યોગેશ, રાજુ, મીતા અને ઉષાના પિતા. તે ગીતા, પરેશ, મહેશના સસરા. ગામ ભચાઉના સ્વ. ફટક વીરાબેન કેશાના જમાઈ. પ્રાર્થનાસભા ૧૨-૭-૧૮ ગુરુવારના ૪ થી ૫-૩૦. સ્થળ: કપોળવાડી, બીજે માળે, એમ. જી. રોડ, ઘાટકોપર (વેસ્ટ).

**કપોળ**

જલાલપુર માંડવાવાળા હાલ મુંબઈ સ્વ. હિરાલક્ષ્મી રમણીકલાલ મહેતાના પુત્ર જસવંતભાઈ (ઉં. વ. ૭૨) તે મીનાબેનના પતિ. સ્વ. રાજીવ અને સ્વ. મિલનના પિતા. તે નવનીત, સ્વ. હર્ષદ, પંકજ, અ.સૌ. ઈલાબેન હસમુખ મહેતાના મોટા ભાઈ. તે સાવરકુંડલાવાળા હાલ મુંબઈ સ્વ. સવિતાબેન દુર્લભદાસ કાણકિયાના જમાઈ ગુરુવાર તા. ૫-૭-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિ**

વિંછીયા હાલ ભાયંદર સ્વ. શાંતાબેન દુર્લભદાસ સોલંકીના પુત્રવધૂ કનકબેન ગુણવંતલાલ સોલંકી (ઉં.વ. ૬૦) તા. ૯-૭-૧૮ ને સોમવારના અક્ષરનિવાસી થયેલ છે. તે હર્ષિદ, પૂજા હેમંત લાડવાના માતુશ્રી. દેવુબેન ચીમનલાલ ગદાણી, હસુમતીબેન જીતેન્દ્રભાઈ થોરીયાના ભાભી. સ્વ. લાભુબેન હરગોવિંદદાસ ફોતરીયાના પુત્રી. ચુનીભાઈ, સ્વ. દિલીપભાઈ, ભૂપતભાઈ, સ્વ. લલિતાબેન, ઉર્મિલાબેન, મીતાબેનના બહેન. બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૧૨-૭-૧૮ ને ગુરુવારના ૪ થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થના સ્થળ: બીએપીએસ સ્વામિનારાયણ સંસ્કાર ધામ, બી-૩૦૨, ડાયમંડ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ બિલ્ડીંગ, દહીંસર પેટ્રોલ પંપની બાજુમાં, એસ. વી. રોડ, દહીંસર (ઈસ્ટ).

**પરજીયા સોની**

ગં. સ્વ. મનહરબેન હિંમતભાઈ સલ્લા (ઉં.વ. ૮૦) તે કુમારભાઈ, સ્વ. રાજુભાઈ, દિલિપભાઈ, દિનાબેન લલિતકુમાર પટણી, સોનલબેન (નીતાબેન) ચેતનકુમાર સાગરના માતુશ્રી. બિનાબેનના સાસુ. નિધીના દાદી સાસુ. સાગર, શક્તિ, શ્રેયાંનના દાદી. હમીરભાઈ મામૈયાભાઈ ધાણક સોડવડીવાળાના દીકરી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨-૭-૧૮ ને સવારે ૧૧ થી ૧૨. સ્થળ: સોની વાડી, શિંપોલી ક્રોસ લેન, બોરીવલી (વેસ્ટ).

**વિશા સોરઠીયા વણિક**

રહીજવાળા (હાલ બોરીવલી) સ્વ. મોહનલાલ વશનજી શાહના ધર્મપત્ની મંજુલાબેન (ઉં.વ. ૮૭) સોમવાર, તા. ૯-૭-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. તે પોરબંદરવાળા સ્વ. સંતોકબેન ગીરધરદાસના પુત્રી. પ્રાર્થનાસભા અને સર્વે લૌકિક વહેવાર રાખેલ નથી.

**કપોળ**

સિહોરવાળા હાલ કાંદિવલી જયંતીલાલ વસંતરાય મહેતાના ધર્મપત્ની અ. સૌ. જયશ્રીબેન (ઉં.વ. ૭૮) તા. ૧૦-૭-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. તે બકુલ, સમીર, નીતાના માતુશ્રી. સંગીતા, સ્નેહલ, પંકજ ધીરજલાલ મહેતાના સાસુ. નવીનચંદ્ર - રંજનબેન, હંસાબેન શામળદાસ દોશી, ભાનુબેન ચંપકલાલ ગાંધીના ભાભી. પિયર પક્ષે મહુવાવાળા સ્વ. પ્રાણજીવનદાસ લક્ષ્મીદાસ બુસાના દીકરી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨-૭-૧૮ના ૫ થી ૭. સ્થળ: કનકશ્રી હોલ, શિવસદન, એકસીસ બૅંકની બાજુમાં, અશોક નગર, કાંદિવલી (ઈ). સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રામાનંદી સાધુ**

મુળ દેડકદળ હાલ અંધેરી કાશીરામ ગંગારામ રામાવત (ઉં.વ. ૯૪) તા. ૧૦-૭-૧૮ ને મંગળવારના રામશરણ પામ્યા છે. તે નર્મદાબહેનના પતિ. રમેશભાઈ, જીતુભાઈ, સ્વ. પ્રફુલભાઈ, કનકભાઈ, દિપકભાઈ, કમલેશભાઈ, સ્વ. મુકેશભાઈ, કલ્પનાબહેન, પૂર્ણિમાબહેનના પિતાશ્રી. પ્રાર્થનાસભા તા. ૧૨-૭-૧૮ ને ગુરુવારના ૧૧ થી ૧. સરનામું: જોશી જાગીર હોલ, મુક્તિધામ, ચકાલા, પારસી વાડા, સહાર રોડ, અંધેરી (ઈ.)

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

અ. સૌ. કપીલાબેન (ઉં.વ. ૬૭) તા. ૯-૭-૧૮ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. પોપટલાલ ભાયાનીના પુત્રી. શશીકાંતભાઈના પત્ની. ચિન્તલબેન, હેતલબેન, અપૂર્વભાઈના માતુશ્રી. દિપલબેન, તુષારભાઈ, વિશાલભાઈના સાસુ. પ્રાર્થનાસભા તથા લૌકિક વહેવાર રાખેલ નથી.

**વીસા સોરઠિયા વણિક**

ગામ લોઢવા હાલ બોરીવલી જમનાદાસ (ભીખુભાઈ) લક્ષ્મીચંદ શાહ (ઉં.વ. ૯૩) સ્વ. વનીતાબેનના પતિ. ગીતા, ચેતન, હિતેષના પિતાશ્રી. તેજકીશન, કામીની, દુર્ગાના સસરા. સ્વ. જગજીવન લક્ષ્મીચંદ, સ્વ. કાંતિલાલ લક્ષ્મીચંદના ભાઈ. દિલીપભાઈ, જયેશભાઈ, વિજયભાઈના કાકા તા. ૯-૭-૧૮ ને સોમવારે મુંબઈ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૨-૭-૧૮ ને ગુરુવારે ૫ થી ૭. સ્થળ: ગંગાબેન પી. જપી સભાગૃહ, ભાવિક એપાર્ટમેન્ટ, રોકડીયા લેન, બોરીવલી (વેસ્ટ).

**દશા સોરઠિયા વણિક**

સેલણા હાલ કાંદિવલી દુધીબેન સુંદરજી લક્ષ્મીચંદ મહેતાના પુત્ર જમનાદાસ (ઉં.વ. ૮૨) તે જયાબેનના પતિ. વલ્લભદાસ વિઠ્ઠલદાસ માંડવીયાના જમાઈ. સ્વ. વાલજીભાઈ, મગનલાલ, ફુલચંદભાઈ, કાન્તાબેન બાવચંદ ગગલાણી, મંગળાબેન મગનલાલ રાજકોટીયા, રમાબેન હસમુખલાલ ગગલાણી, હંસાબેન ભૂપેન્દ્રકુમાર ધીયાના ભાઈ. મહેશ (લતાબેન), સ્વ. શૈલેશભાઈ, નીતાબેન શૈલેશભાઈ મણીયાર, માલાબેન નીતીનકુમાર જનાણીના પિતાશ્રી તા. ૯-૭-૧૮ ને સોમવારના અક્ષરવાસ થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સ્થળ: ઈ-૧૦ મોતીલાલ યાદવ ચાલ, ઈરાની વાડી, હેમુકલાની રોડ નં. ૪, કાંદિવલી (વેસ્ટ).

**લુહાર સુતાર**

ધારગણીવાળા હાલ મીરા રોડ અરજણભાઈ મોહનભાઈ વાળા (ઉં.વ. ૭૬) તે કાન્તાબેનના પતિ મંગળવાર, તા. ૧૦-૭-૧૮ના શ્રીજીચરણ પામ્યા છે. મનસુખભાઈ, ગીતાબેન ભરતકુમાર હરસોરા, દક્ષાબેન સંજયકુમાર ડોડીયાના પિતાશ્રી. સ્વ. ડાયાભાઈ, સ્વ. નાનજીભાઈ, જેરામભાઈ, સ્વ. હરીબેન ગોધનભાઈ ચિત્રોડ, સ્વ. અંબાબેન શામજીભાઈ મકવાણા, નર્મદાબેન ગોવિંદભાઈ ડોડીયાના ભાઈ. ગામ ઉમરીયાવાળા સ્વ. મોહનભાઈ ગીગાભાઈ રાઠોડના જમાઈ. જયકુમાર, રીતીકા દીનેશ સોની, તનવી અંકિત મકવાણાના દાદા. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૩-૭-૧૮ના ૫ થી ૭. સ્થળ: લુહાર સુતાર જ્ઞાતિ વેલ્ફેર સેન્ટર, અંબામાતા મંદિર પાસે, કાર્ટર રોડ નં. ૩, બોરીવલી પૂર્વ.

**નવગામ વિસાનગર વણિક સમાજ**

સુરેશભાઈ વ્રિજલાલ શાહના ધર્મપત્ની ઈલાબેન (ઉં.વ. ૬૬) તે બુધવાર તા. ૧૧-૭-૧૮ના શ્રીજીચરણ પામ્યા છે. દિપકભાઈ, ફાલ્ગુનીના માતા. કામિનીબેન, ચિંતનકુમારના સાસુ. પિયર પક્ષે હંસાબેન - જશવંતલાલ ભોગીલાલ શેઠની દીકરી. કૃષ્ણકાન્તભાઈના બહેન. મીનાક્ષીબેનના નણંદ. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨-૭-૧૮ના ૫ થી ૭. સ્થળ: સંસ્કૃતિભવન (નરવણે) નરવણે વિદ્યાલય, સ્વીમીંગ પુલની સામે, કાંદિવલી (વે.)

**મેઘવાળ**

રાજપરડા (હાલ મુંબઈ) ભાયખલામાં રહેતા નટવરભાઈ રામજીભાઈ કોળીના પુત્ર ભાવેશ (ઉં. વ. ૨૨) ૧-૭-૧૮ના રામચરણ પામ્યા છે. શોકસભા ૧૩-૭-૧૮ના શુક્રવારે ૪ કલાકે નિવાસસ્થાન: મરાઠા કમ્પાઉન્ડ, રાણીબાગ, ભાયખલા.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|